જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૧/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૦૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૩,૬૭,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી.:-

## ઈકો ગાડીના સાયલેંસરની ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી બીજા વણ શોધાયેલ પાંચ ગુનાઓને ડીટેક્ટ કરતી અમદાવાદ પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા ગુના થતા અટકાવવા તથા બનેલ ગુનાઓને શોધી કાઢવા સારૂ આપેલ સુચના અનુસંધાને પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ પી.સી.બી. ટીમ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન આજરોજ એક હકિકત મળેલ હતી કે, " ગુજરાત રાજ્યમાં ઈકો ગાડીના સાયલેંસર ચોરી કરતી ગેંગનો એક ઈસમ કે જે સાણંદ પોલીસ સ્ટેશનના એક ગુનામાં ધરપકડ ટાળવા નાસતો ફરે છે અને હાલમાં અમદાવાદ ખાતે છે વિગેરે હકિકત આધારે સદરી ઈસમ સાજીદ ઉર્ફે એકડ સ/ઓફ ઈબ્રાહીમભાઈ મલેક રહેવાસી. રહેમતનગર, ગીતા ગોદી સિનેમા પાસે, ઓઢવ રોડ, બાપુનગર, અમદાવાદ શહેર મુળ રહેવાસી- ધોળકા, જીલ્લો- અમદાવાદ ને પંચોની હાજરીમાં પકડી પાડી પુછપરછ કરતાં પોતે સાણંદ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૨૪૭/૨૦૨૧ ધી ઈપીકો કલમ- ૩૭૯, ૧૧૪ ના ગુનામાં ધરપકડ ટાળવા નાસતો ફરે છે તેમજ વિગતવાર પંચોની હાજરીમાં પુછતા સદરી આરોપીએ તેના અન્ય સાથી મિત્રો સાથે રહી હિંમતનગર, અસલાલી તથા કઠલાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાર્ક કરેલ ઈકો ફોર વ્હીલ ગાડીના સાયલેંસરની ચોરીઓ કરેલ હોવાનુ કબુલાત કરેલ છે. જેથી સદરી પકડાયેલ આરોપીને આજરોજ તા:૦૭/૧૧/૨૦૨૨ ના કલાક:૧૪/૩૦ વાગે પકડી સી.આર.પી.સી. કલમ- ૪૧(૧)(આઈ) મુજબ અટક કરી તે અંગે પોલીસ સ્ટેશન ખાતે જરૂરી નોંધ કરાવી નીચે મુજબના પોલીસ સ્ટેશન ખાતે તેઓના ગુના સબબ આરોપી મેળવવા જાણ કરવામાં આવેલ છે.

## પીસીબી અમદાવાદ શહેર દ્વારા શોધી કાઢવામાં આવેલ ગુનાઓ:

(૧) સાણંદ પોલીસ સ્ટેશન પાર્ટ -એ- ગુ.ર.નં. ૦૨૪૭/૨૦૨૧
(૨) હિંમતનગર પોલીસ સ્ટેશન પાર્ટ -એ- ગુ.ર.નં. ૦૮૧૨/૨૦૨૨
(૩) હિંમતનગર પોલીસ સ્ટેશન પાર્ટ -એ- ગુ.ર.નં. ૦૯૦૫/૨૦૨૨
(૪) હિંમતનગર પોલીસ સ્ટેશન પાર્ટ -એ- ગુ.ર.નં. ૦૯૪૪/૨૦૨૨
(૫) અસલાલી પોલીસ સ્ટેશન પાર્ટ -એ- ગુ.ર.નં. ૦૪૧૩/૨૦૨૧
(૬) કઠલાલ પોલીસ સ્ટેશન પાર્ટ -એ- ગુ.ર.નં. ૦૪૨૭/૨૦૨૧



# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ-

## મિલકત સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી. શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા **આકાશભાઇ ઉર્ફે રીક્સા કાળુભાઇ દંતાણી ઉ.વ.૨૩ રહે-રમેશદત્ત કોલોની ઇન્દીરા બ્રીજ સરદારનગર, અમદાવાદ શહેર.** નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૨૦૦૨૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા નં.(૨) વાસણા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧ ૯૧૦૬૬૨૨૦૩૦૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી /ડીટીએન/પાસા/૯૩૯/૨૦૨૨ તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૭/૧૧/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૧ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૪૦૭ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તથા જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૯૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૦/૨૦૨૨**

**નરોડાઃ** પ્રિયા હરેશકુમાર મેથવાણી (ઉ.વ.૪૩) (રહે. અમરદીપ રેસીડેન્સી નાના ચિલોડા) એ તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી સને-૨૦૨૨ થી તા.૨૯/૦૪/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રમનદીપસિંહ ગુરજીત કોહલી(રહે.સેતુ રૂકારલેટ રાધાસ્વામી સતસંગ પાસે ચાંદખેડા મોટેરા) અને (૨) કંવરદીપ આનંદ લાલેશી (રહે.પ્રાર્થના એકઝોટીકા શ્યામવિલા-૨ નિકોલ નરોડા રોડ નિકોલ) એ ભેગા મળી લોભામણી લાલચ આપી પ્રિયા મેથવાણી પાસેથી તથા પ્રિયા મેથવાણીના પુત્ર પાસેથી મળી કુલ રૂપિયા ૫૨,૯૯,૫૦૦/- મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૧/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** મહેક ડૉ/ઓ તેજસભાઈ પટેલ (ઉ.વ.૧૭) (રહે. રાજમંદિર એપાર્ટમેન્ટ ભાઈકાકાનગર થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૨ સાંજના ૭/30 વાગ્યાના સુમારે સરકારી વસાહત "બી" બ્લોકના ૧૩મા માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** મનુભાઈ ધનજીભાઈ ખંડવી (ઉ.વ.૫૦) (રહે. કૃષ્ણનગર રો હાઉસ ધોળકા રોડ ફતેહવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૨ સાંજના ૫/30 વાગ્યા પહેલા એન.આઈ.ડી.પાછળ રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**નિકોલઃ** જલ્પેશ શૈલેષભાઇ નિમાવત (ઉ.વ.૩૬) (રહે. આકાંક્ષા એપાર્ટમેન્ટ ન્યુ ઇન્ડીયા કોલોની પાસે નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૦૭/૧૧/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ લક્ષ્મણભાઇ લુંજાભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** પ્રકાશભાઇ સ/ઓ ખેમચંદભાઇ પરમાર (ઉ.વ.૪૨) (રહે. સાઇડ એન્ડ સર્વીસની ચાલી દાણીલીમડા) એ તા.૦૭/૧૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિહ દિપકસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી